



કોલસા કૌભાંડમાં મારા કાકાનું નામ આવ્યું એથી ખુશ ન થઈશ. તેઓ અગાઉ આવા કેટલાય કાંડ કરી ચૂક્યા છે, પણ એનાથી આપણને કોઈ ફાયદો થયો નથી !

## અભિલેખાગાર ખાતા દ્વારા ઓલ્ફેડ હાઈસ્કૂલમાં સ્વામી વિવેકાનંદ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૯

રમતમગત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની અધિક્ષક જિલ્લા દફતર કચેરી ગુજરાત રાજય, અભિલેખાગાર, જુનાગઢ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ભૂજની ઓલ્ફેડ હાઈસ્કૂલમાં સ્વામી વિવેકાનંદ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સ્પર્ધાનો વિષય સ્વામી વિવેકાનંદનું જીવન અને કાર્યો હતો. જેના પ્રારંભે શાળાના સુપરવાઈઝર એસ.કે. ખોજાએ સર્વે મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. જયારે જિતેન્દ્ર શાહે પ્રાસંગિક ઉદબોધન અને અભિલેખાગારના કાર્યો તેમજ તેની ઉપયોગિતા વિશે સુંદર માહિતી આપી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કુ. એમ.જે. પંડયા તથા ટી.આર. મહેતાએ સેવા આપી હતી.

આ પ્રસંગે વાય.એસ. રાવત અને એસ.કે. શેખ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. જયારે સંચાલન અને આભારવિધિ નિલેશ ઠકકર અને કિશોર સોનીએ કરી હતી.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૯

૫ મી સપ્ટેમ્બર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે શિક્ષકદિન સમગ્ર ભારતમાં ઉજવવામાં આવે છે. આ શુભ દિવસે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા ખાતે પણ ઉત્સાહભેર શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષકો દ્વારા પ્રાર્થના સભા તૈયાર કરવામાં આવી હતી. તેમાં ગુરૂ-શિષ્યને પ્રેરણારૂપ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. તથા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષક દિનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ દિવસે વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને શિક્ષક દિનની ઉજવણી કરી હતી. ત્યારબાદ જે વિદ્યાર્થીઓ શિક્ષક બન્યા હતા તેમને ભેટ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાંથી ઉત્તમ શિક્ષકનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ દિવસ દરમ્યાનના પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે શિક્ષક બનવું કંઈ સહેલું નથી. ઘણાં વિદ્યાર્થીઓએ શિક્ષકના મહત્વને સમજીને ભવિષ્યમાં પોતે શિક્ષક બનશે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયની યુનિવર્સિટી કક્ષાની ટેબલ-ટનિસ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૯

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના યજમાન પદે યુનિવર્સિટી કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. સમગ્ર સ્પર્ધામાં ૯ ટીમોએ ભાગ લીધો હતો.



કડી યુનિવર્સિટી કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધામાં સિંગલ્સ બોયઝ વિભાગમાં એલ.ડી.આર.પી.ના પ્રશાંત શર્મા ચેમ્પિયન અને અનિષ બંસલ ચેમ્પિયન તથા રનર્સ અપમાં રાજ મહેતા અને પ્રતીક બારોટ વિજેતા બન્યા હતા. ગર્લ્સમાં સિંગલ્સમાં કે.બી. ફાર્મસીની સોના ચૌધરી ચેમ્પિયન તથા રનર્સ અપમાં અશ્વિનભાઈ એ. પટેલ કોલેજની ક્રિષ્ના રાઠોડ વિજેતા થઈ હતી. ગર્લ્સમાં ડબલ્સમાં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજની ક્રિષ્ના રાઠોડ અને ભૂમિકા પાંચાલ ચેમ્પિયન તથા બી.બી.એ. કોલેજની હિના મુનસી અને હુડા મુનસી રનર્સ અપ બન્યા હતાં.

સમગ્ર સ્પર્ધાનું આયોજન અને સંચાલન પ્રો. રણછોડ રથવી અને ભાવેશ ઠકકરે કર્યું હતું. વિજેતા ખેલાડીઓને પ્રિ. ડૉ. જે.જે. ભટ્ટ યુનિવર્સિટી સ્પોર્ટસ ઈન્ચાર્જ પ્રો. રણછોડ રથવી, સુજલભાઈ પાઠકે અભિનંદન આપ્યા હતા. ભાવેશ ઠકકરે રેફરી તરીકે સેવાઓ આપી હતી.

# કોંગ્રેસ સત્તા પર આવશે તો શિક્ષણમાં કોઈની મનમાની નહિ ચલાવે

### ઘ-૩ સત્યાગ્રહ છાવણીમાં મધ્યાહ્‌ન ભોજન યોજનાના કર્મચારીઓને પારણા કરાવ્યા બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી મોહન પ્રકાશનું ઉદ્‌બોધન

ગાંધીનગર, તા. ૯

શિક્ષણ જગતમાં કોઈની પણ મનમાની કોંગ્રેસ સત્તા પર આવશે તો સાંખી લેશે નહિ. શિક્ષણ ક્ષેત્રનું રાજકીયકરણ ભાજપે કર્યું છે જે યોગ્ય નથી તેમ કોંગ્રેસના મહામંત્રી અને પ્રદેશના પ્રભારી શ્રી મોહન પ્રકાશે આજે જણાવ્યું હતું.



મધ્યાહ્‌ન ભોજન યોજનાના કર્મચારીઓને પારણાં કરાવ્યા બાદ આ કર્મચારીઓની સભાને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે મધ્યાહ્‌ન ભોજના કોંગ્રેસે શરૂ કરી હતી. સામાન્ય માનવીના બાળકને ધ્યાને રાખી આયોજના શરૂ કરવામાં આવી હતી. તેમાં રોજગારીનો પણ સમાવેશ થાય છે. પરંતુ ભાજપે સત્તા હાંસલ કર્યા બાદ તેમાં સુધારા કર્યા અને તે પણ કેવા એન.જી.ઓ.ને સોંપી ગરીબોની રોજી છીનવી. બાળકોને અપાતા ભોજન ખર્ચમાં કેન્દ્રે રાહત આપી છે. તેમણે જણાવ્યું હતું કે આ યોજના પાછળનો હેતુ બાળકની શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ વધે તેમજ કુપોષણ જેવી સમસ્યાથી પિડાય નહિ.

તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસ સત્તા પર આવશે તો આ કર્મચારીઓ જે છુટા કરાયા છે તેમને પુનઃ નોકરીમાં લેવામાં આવશે. આ કર્મચારીઓને ન્યુનત્તમ પગાર ધોરણ મળે તે જોવાશે અને તેમના હક્કોનું રક્ષણ કરાશે.

શ્રી મોહન પ્રકાશે જણાવ્યુ હતુ કે શ્રમજીવી વર્ગના સર્વાંગી વિકાસ માટે એક અલગ આયોગની રચના પણ કરવામાં આવશે. તેમણે જણાવ્યુ હતુ કે સમાજના નાનામાં નાના શ્રમજીવીનો પણ કલ્યાણ રાજ્યમાં હિસ્સો હોય છે.

તેમણે ભાજપ પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે રાજય સરકારે વિધવાઓના પેન્શન બંધ કર્યા. ગરીબી નાબુદીના પગલાં નહિ પણ ગરીબોને દૂર કરવાનું પાપ આ સરકારે કર્યુ છે. મધ્યાહ્‌ન ભોજન યોજનાના કર્મચારીઓને છુટા કરી તેમને બેરોજગાર બનાવ્યા છે. માનીતા ઉદ્યોગપતિઓને ટોકન દરે જમીનો ફાળવી છે.

શ્રી મોહન પ્રકાશે જણાવ્યુ હતુ કે કેન્દ્ર સરકારે ગરીબોના આરોગ્ય માટે ચિંતા કરી આર.એસ.બી.વાય. યોજના દાખલ રી છે. તેમણે જણાવ્યુ હતુ કે કેન્દ્ર સરકાર દ્વારા ઈન્દિરા આવાસ યોજના તેમજ ગ્રામીણ બેરોજગારોને ૧૦૦ દિવસની રોજગારી આપતી મનરેગા અમલમાં મુકી છે.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી નિશીથ વ્યાસ, કર્મચારી સંકલન સમિતિના શ્રી વિષ્ણુ પટેલ, મધ્યાહ્‌ન ભોજન યોજના કર્મચારી મંડળના શ્રી ચંદનસિંહ રાજપૂત તેમજ જુદા જુદા સંગઠ્ઠનોના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ કાર્યક્રમનો ૧૧મીથી શુભારંભ થશે

ગાંધીનગર, તા. ૯

યુવા દિશા કેન્દ્ર ગાંધીનગરના ઉપક્રમે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી સમિતિ, નહેરુ યુવા કેન્દ્ર અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના સહયોગથી તા. ૧૧મી સપ્ટેમ્બર-૨૦૧૨ને મંગળવારે સવારે ૮ કલાકે ફાર્મસી કોલેજમાં 'સ્વામી વિવેદાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય યુવક બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજી મરેના નેતૃત્વમાં 'સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન', 'નશાબંધી સંસ્કાર પ્રતિજ્ઞા' તથા રાષ્ટ્રવંદના સમૂહ ગીતોનું ગૂંજન ૧૧મી સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ દિવસે જ શિકાગો ખાતેથી ધર્મસભામાં સ્વામી વિવેકાનંદે 'બ્રધર્સ એન્ડ સીસ્ટર્સ'નું ઐતિહાસિક પ્રવચન આપ્યું હતું અને એ જ દિવસે ગાંધીનગરથી 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમનો શુભારંભ થશે જે ક્રમશઃ સમગ્ર ગુજરાત અને સમગ્ર ભારત દેશમાં લઈ જવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમમાં ઉદ્‌ઘાટક તરીકે રાજયના કૃષિમંત્રી દિલીપભાઈ સંઘાણી, સર્વ વિદ્યાલય મંડળના પ્રમુખ વલ્લભભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના નવા નિમાયેલા કમીશનર લલીત પાડલીયા, યુવા, રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનાં સભ્ય સચિવ ડૉ. પ્રદીપ આઝાદ, નહેરૂ યુવા કેન્દ્રનાં સંયોજક રજનીકાંત સુથાર અને અશ્વિનભાઈ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. જયેન્દ્રભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહેશે. સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન અંતર્ગત વૃક્ષો વાવો, સ્વદેશી અપનાવો, ભાઈચારો કેળવો, ટ્રાફિક એજ્યુકેશન, નશાબંધી સંસ્કાર, યુવાનીમાં રક્તદાન, મૃત્યુ બાદ ચક્ષુદાન, દેહદાન, સહયોગ વિકાસ, શાંતિ જેવા મુદ્દાઓનો સમાવેશ કરાયો છે તેમ જણાવતા યુવા દિશા કેન્દ્રના મેનેજીંગ ટ્રસ્ટી ઘનશ્યામ પટેલે સૌને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું છે.

# શિક્ષણનાં ક્ષેત્રમાં સરકારે ખુબ પ્રગતિ કરી છે : ભાજપ

અમદાવાદ,તા.૯

ભાજપનાં પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજા તેમજ રાજ્ય સભાના સાંસદ મનસુખ માંડવીએ એક અખબારી યાદીમાં જણાવ્યું કે ગુજરાતમાં ભાજપની મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે પ્રાથમિકથી લઈને ઉચ્ચશિક્ષણના ક્ષેત્રે કરેલી પ્રગતિને ગુજરાતના શિક્ષણને અંધકારની ગર્તામાં ધકેલી દેનાર કોંગ્રસ પાર્ટીના આગેવાનો પચાવીન શકે તે સ્વાભાવિક છે. ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીનું શાસન હતું ત્યારે દેશમાં ૧૦+૨માં વ્યવસાયલક્ષી શિક્ષણ મહત્વાકાંક્ષી યોજના અમલી બની હતી. આ યોજનાને તે વખતના શિક્ષણમંત્રી નરહરિ અમીને ભ્રષ્ટાચારનો અખાડો બનાવી દીધી હતી. તેમણે જણાવ્યું છે કે ગુજરાતના વિદ્યાર્થીઓ અને યુવાનો વિકાસ વરેલા છે તે કોલેજ કેમ્પસ ઉપર કોંગ્રેસના સભા કરવાથી અને વાણીવિલાસતી ભરમાવાના નથી. આરટીઈની બાબતમાં આખાયે દેશમાં જે કેટલાક રાજ્ય અસરકારકતાથી કાર્ય કરી રહ્યા ચે તેમાં ગુજરાત કરેલ કરતાંય આગળ છે તે જુઠ્ઠાણાનો પર્યાત અર્જુન મોઢવાડીયા જાણે તે જરૂરી છે. ગુજરાતમાં ૧૪૦૦૦ પ્રાથમિક શિક્ષકોની પરીક્ષા લઈને ભર્તી કરવાની વાત હોય, સૌ પ્રથમવાર પ્રાથમિક શાળામાં ૫૦૦૦ આચાર્યની ભર્તી પરીક્ષા લઈને કરવાની વાત હોય, ધો-૮ને પ્રાથમિક શાળામાં લઈ જવાન વાત હોય, ૧થી ૫ લોઅર પ્રાયમરીના અમલી વાત હોય કે અપર પ્રાયમરી ૬થી ૮ બનાવવાની વાત હોય રાજ્યનું શિક્ષણતંત્ર અસરકારક્તાથી કાર્ય કરી રહ્યં છે અને લગભગ કામગીરી પુર્ણ કરેલ છે. આ બધી જ બાબતોમાં કોંગ્રેસનાં શાસનવાળા રાજ્યોમાં કંઈ ઠેકાણા નથી. આરટીઈનાં વધુ અસરકારક અમલ માટે કેન્દ્ર પુરતા નાણાં આપે છે ખરી ? આમ છતાંય ગુજરાતની ભાજપ સરકાર સૌ ભણે, સૌ આગળ વધે અને સૌનો સાથ-સૌનો વિકાસને સાર્થક કરી રહી છે. તે કોંગ્રેસના નિવેદનમાં અવ્વલ અને વિકાસમાં અવરોધ ઉભા કરતા નેતાઓ જાણે તે જરૂરી છે.

# આજે આપણે ભૂતકાળના ચાલુ કાળનો અભ્યાસ કરીએ

॥ આઠમો મણકો ॥

મિત્રો, આજે આપણે ભૂતકાળના ચાલુ કાળનો અભ્યાસ કરીએ. હવે તમને જુદા જુદા રૂપોના હકાર, પ્રશ્નાર્થ અને નકાર બનાવતા આવડી ગયા હશે. આજે ચાલુ ભૂતકાળનો આ દિશામાં અભ્યાસ કરીએ.

● ચાલુ ભૂતકાળ (Contunues Past Tense)

હકાર વાક્ય

| Singular | Plural |
|---|---|
| I was walking. | We were walking. |
| હું ચાલી રહ્યો હતો | અમે ચાલી રહ્યા હતા |
| 2. You were walking | You were walking |
| 3. He was walking | They were walking |
| She was walking | |
| It was walking | |

નોંધ :- to beના રૂપો = was, were

રચના :- to be + ing = ચાલુ ભૂતકાળ

## આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

નકાર વાક્ય

| Singular | Plural |
|---|---|
| I was not walking. | We were not walking. |
| હું ગયો નહીં. | અમે ગયા નહીં. |
| You were not walking. | You were not walking. |
| He was not walking. | They were not walking. |
| She was not walking. | |
| It was not walking. | |

નોંધ : નકાર રૂપ બનાવવા માટે to beના રૂપો = was, were

પ્રશ્નાર્થ વાક્ય

| Singular | Plural |
|---|---|
| Was I walking ? | Were we walking ? |
| શું હું ચાલી રહ્યો હતો ? | શું અમે ચાલી રહ્યા હતા ? |
| Were you walking ? | Were you walking ? |
| Was he walking ? | Were they walking ? |
| Was she walking ? | |
| Was it walking ? | |

નોંધ : - મિત્રો, પ્રશ્નાર્થ વાક્ય બનાવવા શરૂઆત to beના રૂપો was, were થી થાય. તદુપરાંત પ્રશ્નાર્થ નકાર બનાવવા માટે was, were પછી not મુકાય.

ચાલુ ભૂતકાળના ઉપયોગો :

- ભૂતકાળમાં અમુક સમયે ચાલતી ક્રિયા દર્શાવવા.
- અહીં ક્રિયાનો સમય દર્શાવાય અથવા ન પણ દર્શાવાય.

e.g. The birds were flying.
(અહીં સમયનો ઉલ્લેખ નથી)
e.g. When I came to you, you were watching TV.
(અહીં સમયનો ઉલ્લેખ છે)

Always અને contunually ભૂતકાળની ટેવ દર્શાવે.
e.g. He was aloays
e.g. He was continully

- ભૂતકાળની ક્રિયા બની તે વખતે ક્રિયા ચાલી રહી હતી તે સાતત્યપણું દર્શાવે છે.

e.g. Children were playing.

આમ while અને then સમયનું સાતત્ય દર્શાવવા વપરાય.

તો ચાલો મિત્રો, થોડાંક વાક્યોની પ્રેક્ટિસ કરીએ.

- અમે જ્યાર વર્ગખંડમાં પહોંચ્યા ત્યારે શિક્ષક ભણાવી રહ્યા હતા.
When we reached in the classroom the teacher was teaching.
- મેં જ્યારે મીનાને જોઈ ત્યારે તે રાંધી રહી હતી.
Meena was cooking when I saw her.
- જ્યારે ડોર બેલ રણક્યો ત્યારે ખુશ્બુ સ્નાન કરી રહી હતી.
When the door bell rang, Khushbu was taking bath.

આમ કેટલાંક આવાં વાક્યો બનાવશો. આગામી સપ્તાહે આપણે પૂર્ણ ભૂતકાળ શીખ્યા પછી ભૂતકાળનાં મિશ્ર વાક્યોનો ગુજરાતીમાંથી અનુવાદ કરીશું.

પરિચયાત્મક શબ્દો

જમીન - Land
Alcove - આલ્કોવ = લતાગૃહ  Paliside - પેલીસાઈડ = વાડ
Inclosure - ઈન્ક્લોઝર = વાડો
Croft - ક્રોફ્ટ = નાનો બગીચો

## શબ્દ સરવાણી

March - માર્ચ = સીમાડો

### દોહો

રહીમન પાની રાખીએ, બિન પાની સબ સૂન
પાની ગયે ન ઉબરૈ, મોતી, માનૂષ, ચૂન.

### જોડકણું

પીવું કળશિયો પાણીને દરિયો ડહાળો
ઠામ પોતાનું ગોતવા જ્યાં જ્યાં શું ઢમઢોળો

### સુભાષિત

કરીએ સંપ કુટુંબમાં, શત્રુથી શું થાય ?
ઝાડ ટકે છે ઝુંડમાં, એક્લા ઊડી જાય.

### ચોપાઈ

સબ કર ફલ રઘુપતિ પદ મેમા
તેહિ બિનુ કોઉ ન પાવઈ છેમા
(રઘુનાથજીના ચરણોમાં જેનો પ્રેમ છે : ભક્તિ છે
એનું હમેશાં કલ્યાણ જ થયા છે. )

### સોરઠો

ઘેર ઘેર ચોવટ જાય, પોતાની ક્થા કરે,
ધૂળ પડી ડહાપણમાંય, સાચું સોરઠિયો ભણે.

### છપ્પો

મૂંડ મુડાવ્યું હરિને કાજ, લોક પૂજે ને ક્હે મહારાજ
મનમાં જાણે હરિએ કૃપા કરી માયામાં લપટાણો ફરી
સૌને મન તે કરે કલ્યાણ, અખા એને હરિ મળવાની હાણ

### શ્લોક

દાને ભોગો નાશસ્તિસ્રો ગતયો ભવન્તિ વિત્તસ્ય ।
યોન દદાતિ ન ભડક્તો તસ્ય તૃતીયા ગતિર્ભવતિ ॥
(ધનની ત્રણ ગતિ છે : દાન, ભોગ અને નાશ. જે દાન નથી કરતા,
પોતાના માટે પણ ખર્ચતા નથી તે ધન નાશ પામે છે)

### શીખ

કોઈ ખાય, કોઈ પીએ, સૂંઘે તમાકુ,
ખાંસી ખાઈ ખાઈને વીતે આખું આયખું.

# મેં પાણી માગ્યું ને પપ્પાએ દૂધ હાજર કર્યું એ પપ્પાનું ઋણ હું જીવનભર ચૂકવતી રહીશ







**સંબંધ સજાવે જિંદગી**

**થેંક્યુ મમ્મી-પપ્પા**

- પોપટલાલ એસ પ્રજાપતિ

gsrelation@yahoo.com

સાહિત્યકારોએ દીકરીને વ્હાલનો દરિયો, તો કોઈએ સ્નેહનો સાગર કહી તેના યશોગાન ગાયાં છે. એ છલકતા સ્નેહસાગરની કથાઓ પણ દરિયા જેટલી વિશાળ છે. એનો અંત નથી... આજે આપણે માતા-પિતાની સેવામાં પોતાની અંગત જિંદગીની પરવા ન કરનાર દીકરીની યશગાથા ગાવી છે. એના સમર્પણમાં નરી લાગણી સાથે અત્યંત કરુણા પણ છે. એ કહે છે, 'પપ્પાએ મને ખૂબ લાડ લડાવ્યા છે. મેં પાણી માગ્યું ને એમણે દૂધ હાજર કર્યું છે. મારી લાગણી સાથે તેમણે હંમેશા તાલ મિલાવ્યો છે. એમને છોડીને જાઉં તો પપ્પાનું ઋણ અધૂરું રહે.' અને તેણે પપ્પા-મમ્મીની છાયા બનીને રહેવાનો સંકલ્પ કર્યો. અને એનું નામ પણ છાયા. તેને પાંચ બહેનો, તેમાં તે વચેટ. પપ્પાને સરકારી નોકરી. પરિવાર મોટો. વારંવાર બદલી થાય - ડાકોર, વિરમગામ, ખંભાત, ધનસુરા, અમદાવાદ અને છેલ્લે ગાંધીનગર. સતત સંઘર્ષ... પણ તેણે ઘરની સંપૂર્ણ જવાબદારી ઉપાડી. એવામાં મમ્મીની આંખે તકલીફ થઈ, દેખાતું બંધ થયું. મમ્મીને નગરી હોસ્પિટલમાં દાખલ કરી પણ કોઈ ફેર ન પડ્યો. મમ્મીની સેવા કરવા ઘરે કોણ ? અને છાયાએ પ્રાઈવેટ જૉબ છોડી દીધી. પપ્પાને રાહત થઈ. છાયાને એક નાનો ભાઈ, તેને પણ સૅટ કરવાનો હતો. ભાઈનો અભ્યાસ આઈટી સુધીનો. ભાઈ પણ પ્રાઈવેટ કંપનીમાં મિકેનીક તરીકે જૉબ કરતો થયો. તે ઉંમર લાયક થતાં ઘરની જવાબદારી સંભાળી શકે તેવી સંસ્કારી અને ખાનદાન દીકરી સાથે લગ્ન કરાવ્યા. ભાભી અમિતાબેનની પણ તે લાડકી નણંદ બની ગઈ. અને પરિવારને સૅટ કરવામાં ને તેની ચિંતામાં સમયનું ચક્ર તો ફરતું જ ગયું. પણ પોતાની અંગત જિંદગીને સૅટ કરવાનું કે તે બાબતમાં જરાય દરકાર કરી જ નહિ અને તેણે કુંવારા જ રહી પપ્પા-મમ્મીની છાયા જ બની રહેવાનો સંકલ્પ કર્યો. પણ છાયાને તેનો જરાય રંજ નથી. પપ્પા-મમ્મીની સેવા એ જ એનો જીવનમંત્ર છે. સાંજ પડે એટલે આખો પરિવાર સાથે બેસીને જમે છે. કોઈ એકની ગેરહાજરી હોય તો તેની રાહ જોવાય છે. છાયા આ બાબતનું ખાસ ધ્યાન રાખે છે. હા, તેના પપ્પા છેલ્લે હેડ ક્લાર્ક તરીકે નિવૃત્ત થયેલા. ત્યાં સુધી અનેક સામાજિક પ્રવૃત્તિમાં તેમજ યુનિયનની પ્રવૃત્તિમાં પણ રચ્યાપચ્યા રહેતા. ઍકાઉન્ટમાં તેમની માસ્ટરી. વસાહતની પ્રવૃત્તિ હોય કે રથયાત્રામાં સેવા આપવાની વાત હોય કે બાલકન-જી-બારીની પ્રવૃત્તિમાં પણ કંઈક ને કંઈક યોગદાન આપતા રહે. આ કર્મનિષ્ઠ સરકારી કર્મચારી એટલે આપણા મોહનકાકા વાળંદ. તેમને સૌ મોહનકાકાથી જ ઓળખે. તેમની નિવૃત્તિને પણ ૨૭ વર્ષ થયાં. હાલ ૮૫ વર્ષની જૈફ વયે પણ જ્યાં કોઈ સેવાકીય પ્રવૃત્તિ હોય ત્યાં ચાલતા જાય છે. તેમના દાંપત્યજીવનને પણ ૬૫ વર્ષ પુરા થયાં. પત્નીનું ભણતર ઓછું પણ ગણતરી પાકી. કરકસરયુક્ત અભિગમ દ્વારા મોટા પરિવારને ગૌરવભેર જીવતાં શીખવ્યું છે. તેમની ત્રણ દીકરીઓ - જ્યોતિ, બિન્દુ અને સ્વાતિ વિદેશમાં છે. બે ઈંગ્લેન્ડમાં અને એક ઝીમ્બાબ્વે. જ્યારે એક દીકરી બૉમ્બે અને એક બરોડામાં સુખી દાંપત્યજીવન ગાળે છે. મોહનકાકા અને તેમનાં પત્ની તારાબેન ત્રણ વખત ઈંગ્લેન્ડ જઈ આવ્યા છે. દીકરીઓએ આ વિદેશયાત્રા કરાવેલી. દીકરીઓ આંતરે દિવસે ફોન પર અચૂક તેમના ખબરઅંતર પૂછે. નાનો ભાઈ મયુર પણ મોટીબેન છાયાનું ખૂબ માન રાખે. પપ્પા-મમ્મીની સેવાને જ જીવનમંત્ર બનાવનાર છાયા જેવી દીકરીઓ માટે જ કહેવાતું હશે, દીકરી વ્હાલનો દરિયો છે !